મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૧ ટકા
ગાંધીનગર તાપમાન

# અસહ્ય મોંઘવારીથી પિસાતો મધ્યમ વર્ગ

## ડીઝલના વધેલા ભાવોની સીધી અસર શાકભાજી, અનાજ, કરીયાણાના ભાવો પર પડી રહી છે : કોરોના પછી અસહ્ય મોંઘવારીનો માર મધ્યમવર્ગીય પરિવારોને પરેશાન કરી રહ્યો છે

ગાંધીનગર, તા.૩૧
મધ્યમ વર્ગીય પરિવારો માટે બે છેડા ભેગા કરવાનો પ્રશ્ન ઉભો થયો છે. ધંધા-રોજગારમાં મંદી છે ત્યારે વધી રહેલી મોંઘવારીએ મધ્યમવર્ગીય પરિવારોને ભીંસમાં મુકી દીધા છે. શાકભાજીથી લઈને અનાજ-કરીયાણું ખૂબ મોંઘુ બન્યું છે.

છેલ્લા દોઢ-બે વર્ષથી મધ્યમવર્ગીય પરિવારો અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. કોરોનાના કારણે મધ્યમવર્ગીય પરિવારોની જાણે કમર ભાંગી ગઈ છે. દવાખાનાઓના ખર્ચાઓ તો થયા જ છે સાથોસાથ કોરોનાના કારણે લોકડાઉનની પરિસ્થિતિનું નિર્માણ થતાં ધંધા રોજગારમાં ખૂબ મંદી છે. કેટલાક ધંધા તો સાવ બંધ થઈ ગયા છે. હોટલ-રેસ્ટોરન્ટ અને શાળા-કોલેજ સાથે જોડાયેલા ધંધા બંધ છે તો શુભ પ્રસંગો પણ બંધ રહેતા ડેકોરેટર્સ અને કેટરર્સનો વ્યવસાય બંધ થઈ ગયો છે. ધંધા રોજગારમાં મંદી છે તો બાંધી આવક ધરાવતો નોકરીયાત વર્ગ પણ મોંઘવારીના કારણે ભીંસમાં મુકાયો છે.



છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ-ડીઝલના ભાવોમાં ખૂબ વધારો થયો છે. ડીઝલના ભાવો ૯૦ રૂપિયાથી વધી ગયા છે. ડીઝલના વધેલા ભાવોની સીધી અસર જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ પર થઈ છે. શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે. વાવાઝોડાના કારણે એમ પણ સપ્લાય પર અસર થઈ છે. આવક ઓછી છે તો સામે ડીઝલના વધેલા ભાવોના કારણે શાકભાજીના ભાવો ખૂબ વધી ગયા છે. ખાદ્યતેલના ભાવો પર તો જાણે કોઈનો કાબુ જ ન હોય તેમ દરરોજ નીતનવી સપાટી બનાવી રહ્યો છે. મગફળીનું તેલ તો મોંઘુ થયું જ છે સાથોસાથ કપાસીયા અને અન્ય તેલોના ભાવો ખૂબ વધ્યા છે. અનાજ અને કરીયાણાના ભાવો તો એટલા વધ્યા છે કે મધ્યમવર્ગીય પરીવારોને તો બે છેડા કેવી રીતે ભેગા કરવા તે મોટો પ્રશ્ન બન્યો છે. ગાંધીનગરમાં મોટા ભાગે નોકરીયાત અને પેન્શનર વર્ગ રહે છે. તેમની આવક બાંધી છે. આવકનો તેમની પાસે અન્ય કોઈ સ્ત્રોત નથી. આવા સંજોગોમાં વધી રહેલી મોંઘવારીએ મધ્યમવર્ગીય પરીવારોને રીતસર હંફાવી દીધા છે. બધા માટે રાહત જાહેર થાય છે પરંતુ મધ્યમવર્ગીય પરીવારો તો જાણે આ મોંઘવારીના ચકકરમાં વધુને વધુ પીસાઈ રહ્યા છે.

# કોરોનાનો ડર દૂર કરવા સકારાત્મક ચિંતન કરો, સર્જનાત્મકતા અપનાવો : પદ્મશ્રી ડો.સુધીર વી. શાહ

### નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા 'લેટ અસ લર્ન; ફોલો ન્યૂ એબીસીડી એન્ડ ફાઇટ-આઉટ કોરોના ઇફેક્ટિવલી' વિષય ઉપર વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૯
નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા શનિવારે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. 'લેટ અસ લર્ન; ફોલો ન્યૂ એબીસીડી એન્ડ ફાઈટ-આઉટ કોરોના ઈફેક્ટિવલી' વિષય ઉપર યોજાયેલા વેબિનારમાં વક્તા તરીકે જાણીતા ન્યૂરોલોજિસ્ટ પદ્મશ્રી ડો. સુધીર વી. શાહે વિદ્વત્તાસભર વક્તવ્ય આપ્યું હતું. જ્યારે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ ડો. જે. એમ. વ્યાસે અધ્યક્ષીય પ્રવચન કર્યું હતું.

જાણીતા ન્યૂરોલોજિસ્ટ પદ્મશ્રી ડો.સુધીર વી. શાહે કોરોનાનો ડર દૂર કરવા અને કોરોના વિજય માટે એક નવી A,B,C,D... પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમજાવી હતી. સાથે કેવી રીતે માસ્ક પહેરવું જોઈએ? - તેનું નિદર્શન પણ દર્શાવ્યું હતું. પોતાના વક્તવ્યમાં પદ્મશ્રી ડો.સુધીર વી. શાહે જણાવ્યું હતું કે હજી કોરોના ગયો નથી, માટે સાવચેતી રાખવી અનિવાર્ય છે. કોરોનાથી બચવા આપણે ફિઝિકલ ડિસ્ટન્સિંગ રાખીએ, યોગ્ય રીતે માસ્ક પહેરીએ, સેનિટાઈઝેશન કરીએ અને વેક્સિન લઈએ. સાથોસાથ જવાબદારીપૂર્ણ વર્તન કરીએ અને સરકારે સૂચવેલી ગાઈડલાઈન્સને અનુસરીએ.

ડો. સુધીર શાહે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં કોરોના કરતાં કોરોનાનાં ભય, ચિંતા, તણાવથી મુક્ત બનીને નકારાત્મક ચિંતનથી દૂર થવાનો સમય છે. આ માટે જરૂરી છે કે આપણે ચિંતા, ભય અને તણાવમાંથી મુક્ત થવા માટે સકારાત્મક ચિંતન કરીએ, સદ્વાંચન કરીએ અને મનગમતી પ્રવૃત્તિ કરીએ. જેમ કે, સંગીત સાંભળવું, નૃત્ય, આર્ટ અને સર્જનાત્મક પ્રવૃત્તિ, રમત-ગમત અને ગાર્ડનિંગ થઈ શકે છે. મિત્રોને ફોન કરી હૂંફ આપીએ અને મેળવીએ.

આજ રોજ ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસની ઉજવણી નિમિત્તે કચેરીના સ્ટાફ પરિવાર દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી કે હું ક્યારેય તમાકુ નું સેવન નહિ કરું અને સમાજ ના તામમ લોકો ને તમાકુ નું સેવન ન કરવા સમજ અને આપણા સમાજને તમાકુ મુક્ત સમાજ બનાવીશ.

આ કાર્યક્રમ જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડૉ. દિપક પટેલ ની અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ડો. એમ.જે બ્રહ્મભટ્ટ, અને તમામ કર્મચારીઓએ ભાગ લઈને તમાકુનું સેવન ન કરવાના શપથ લીધા હતા.




# સે-૫ વસાહત મંડળે સેકટરના સ્વચ્છતા કર્મચારીઓને કરિયાણાની કીટનું વિતરણ કર્યું

### લાંબા સમય બાદ યોજાયેલી વસાહત મંડળની બેઠકમાં સ્થાનિક સમસ્યાઓની ચર્ચા યોજાઈ

ગાંધીનગર, તા.૩૧
ગાંધીનગરના સેકટર-૫ વસાહત મહામંડળ દ્વારા સેકટરમાં સાફસફાઈનું કાર્ય કરતા કર્મચારીઓ, વસાહતના રહેણાંક વિસ્તારમાંથી ડોર ટુ ડોર કચરો ઉઘરાવવાનું કામ કરતા કર્મચારીઓ, જાહેર શૌચાલયની સફાઇ કરતા કર્મચારીઓ વગેરેને પરિવારનુ જવનનિર્વાહ ચાલે તેવા આશયથી સે-૫ વસાહત મંડળના પમુખ કેશરીસિહ બિહોલાની આગેવાની હેઠળ કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે કોરોનાના દિવંગતોને બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી અને તેના બાદ યોજાયેલી બેઠકમાં સેક્ટરના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સે-૫ વસાહત મંડળની



બેઠકમાં પાણીના ફોર્સ, બગીચાનું રિનોવેશન, ગેરકાયદેસર દબાણો, સ્ટ્રીટ લાઈટો, આરોગ્યલક્ષી સેવાઓ, ચોમાસામાં જંતુનાશક દવાઓના છંટકાવ વગેરે સમસ્યાઓ અંગે ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

બેઠકમાં કેસરીસિંહ બિહોલા, નરેશભાઈ પરમાર, ઘનશ્યામસિંહ ગોલ, વાસુદેવભાઈ સુથાર, વિનોદભાઈ ભટ્ટ, કાનજીભાઈ દેસાઈ, સાગરદાન ગઢવી, રસિકભાઈ સુથાર, જે વી પટેલ, નિલેન્દુભાઈ વોરા, ખુમાનસિહ ચંપાવત, ડી. એમ. ડામોર, કનુભાઈ સોલંકી, જીતેન્દ્રભાઈ રાઠોડ, અમરતભાઈ પટેલ વગેરે વસાહતી અગ્રણીઓએ હાજર રહી કરિયાણાની કીટ વિતરણ કાર્યક્રમ તથા બેઠકમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વસાહતી અગ્રણી અલ્પેશભાઈ પ્રજાપતિ તથા હિતેશભાઈ મકવાણાના સહયોગથી બે હજાર વૃક્ષો કોમનચોક તથા જાહેર ખુલ્લી જગ્યાએ વાવવા માટે આયોજન અંગે અને મનપાના વોર્ડનં.૮ના ઉમેદવારોએ સેક્ટરના વિકાસ માટે સહયોગ આપવાની ખાત્રી આપી હતી.

# દિવ્ય જીવન સંઘ દ્વારા વિશ્વ યોગ દિવસના ઉપક્રમે ખાસ તાલીમી યોગનું આયોજન

ગાંધીનગર, તા.૩૧
દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર શાખા દ્વારા ૨૧ વર્ષ થી નિશુલ્ક યોગ ના વર્ગોનું સંચાલન કરવામાં આવે છે. કોરોનાના કારણે તા.૯/૦૬/૨૦૨૦થી ફેસબુક પર દૈનિક યોગ વર્ગ ઓનલાઈન ચાલે છે. આ વર્ગને એક વર્ષ પુર્ણ થનાર હોઈ તથા તા.૨૧/૦૬/૨૦૨૧ ના રોજ વિશ્વ યોગ દિવસના ઉપક્રમે, તા. ૧/૦૬/૨૦૨૧થી તા.૧૦/૦૬/૨૦૨૧ સુધી ખાસ તાલીમી યોગ શિક્ષણનું આયોજન કરેલ છે, જેનુ સંચાલન અશ્વિન દવે કરશે. આ યોગ અભ્યાસમાં સામેલ થવા, ફેસબુકની લીંક મેળવવા મો.ન.૯૮૨૪૦૫૫૧૮૭ પર વ્હોટસ અપ કરવાથી લીંક મોકલવામાં આવશે તેમ અશ્વિન દવે, ઉપ પ્રમુખ અને યોગસર દ્વારા જણાવાયું છે.

# સ્વામિનારાયણ પોલિટેકનિકમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓનો ઓનલાઈન વિદાય સમારંભ યોજાયો




ગાંધીનગર, તા.૩૧
ગાંધીનગરની શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક દ્વારા અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વર્ચ્યુઅલ માધ્યમથી ગૂગલ મિટમાં 'અલવિદા-૨૦૨૧'નુ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ચ્યુઅલ માધ્યમથી યોજાયેલા ઓનલાઈન 'અલવિદા-૨૦૨૧'માં અંતિમ વર્ષના તેમજ અન્ય વર્ષના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા તેમની કોલેજના યાદગાર પળોનું વિડિયો દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ઘણા વિદ્યાર્થીઓએ સંસ્થામાં તેમને થેયલા અનુભવો અને સંસ્થાના સ્ટાફે તેમના અભ્યાસ દરમ્યાન કરેલી મદદને વર્ણવી હતી. આ પ્રોગ્રામમાં સંસ્થાના આચાર્ય પ્રો. ધર્મેશ વંડરા દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં ઉત્તરોતર પ્રગતિ મેળવી અને જીવનમાં અગ્રેસર બની સંસ્થાનું નામ ઉજજવળ કરે તેવું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્થાના એકેડમિક ડાયરેકટર પ્રો. ભાવિક શાહ દ્વારા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સંસ્થાને જોડાયેલા રહે તે માટે એલ્યુમિનિ એસોસિએશનમાં જોડાવા માટે અપીલ કરવામાં આવી હતી. વિવિધ ડિપાર્ટમેન્ટના એચઓડી દ્વારા વિદ્યાર્થીઓને ઉચિત પ્રેરણા વચનોથી નવાજવામાં આવ્યા હતા. આ વર્ચ્યુઅલ પ્રોગ્રામમાં અંતિમ વર્ષના ટોપર વિદ્યાર્થીઓ અને વિવિધ કેટેગરીના વિજેતા વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# મટિરિયલ અને મિકેનિકલ ઈજનેરી વિષયે ઓનલાઈન કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા.૩૧
ગાંધીનગરની અને પાટણની સરકારી ઈજનેરી કોલેજ દ્વારા સંયુકત રીતે ગુજકોસ્ટની સહાયથી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ 'આઈસીઆરપીએમ એસએમઈ- ૨૦૨૧'નુ આયોજન તા. ૨૮-૨૯ મે દરમિયાન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં દેશના અર્થતંત્ર, સામાજિક, પર્યાવરણીય વિકાસમાં મટિરિયલ અને મિકેનિકલ એન્જિનીયરીંગ ક્ષેત્રે સંશોધન, વિસ્તૃત જાણકારી અને કુશળતાની વહેંચણી સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી.

'આઈસીઆરપીએમ એસએમઈ- ૨૦૨૧ દરમિયાન સંશોધનપત્રોની બુક ઓફ એબ્સ્ટ્રેકટનું વિમોચન ટેકનીકલ શિક્ષણ વિભાગના કમિશનર




જી.ટી. પંડયા અને ઉદ્યોગપતિ પી.એન.એન. ભગવતીના હસ્તે ગાંધીનગર જીઈસીના આચાર્યા ડૉ. શ્વેતા દવે, તેમજ પાટણ જીઈસીના આચાર્ય ડૉ. એચ.એસ. પટેલની ઉપસ્થિતિમાં કરાયું હતું. કોન્ફરન્સમાં ખ્યાતનામ વકતાઓ તથા વિષય નિણાંત તજજ્ઞોએ હાજરી આપી હતી. કોન્ફરન્સના સમાપને ગુજકોસ્ટના સલાહકાર ડૉ. નરોત્તમ સાહુ તથા ઉદ્યોગ કન્સલ્ટન્ટ મિતેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા.




શહેરમાં સ્વચ્છતાની જાળવણી માટે વિવિધ સ્થળે સૂકો કચરો અને ભીનો કચરો અલગ રહે તે રીતે બે ડસ્ટબીનો મુકવામાં આવી છે. પરંતુ આ ડસ્ટબીનોને સમયસર ખાલી કરવાની કામગીરીમાં બેદરકારી જોવા મળી રહી છે. જેના કારણે શહેરમાં રખડતાં ઢોર અને કૂતરાં આ ડસ્ટબીનમાંથી ખોરાક શોધવા પ્રયાસ કરે છે જેના કારણે ડસ્ટબીનની આસપાસ જ ગંદકી ફેલાઈ જવા પામે છે અને એક મીની ઉકરડાં જેવી સ્થિતિ સર્જાય છે. પછી આ ગંદકી જોઈને કચરો ફેંકવા આવતા નાગરિકો પણ ડસ્ટબીન પાસે જવાને બદલે તેની નજીક કચરો નાંખતા થઈ જાય છે. પ્રસ્તુત તસવીર સેકટર-૧૬માં બેંકીંગ વિસ્તારની છે.


# આજથી સે-૧૨માં વિશ્વકર્મા સેવા સમાજના બાળકો માટે રાહતદરે નોટબુક વિતરણ

ગાંધીનગર, તા.૩૧
ગાંધીનગરના શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા આવતીકાલે તા. ૧લી જુનથી સમાજના સભ્યોના બાળકો જે કેજી, ધો-૧ થી ૧૨ અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અભ્યાસ કરી રહ્યા છે તેમના માટે રાહત દરે નોટબુકોના વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. નોટબુક વિતરણ માટે દરેક સભ્યોએ તા. ૧લી જુનથી સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૧૨માં શ્રી વિશ્વકર્મા સેવા સમાજના કાર્યાલયેથી વહેલા તે પહેલાના ધોરણે મેળવી લેવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યું છે. નોટબુક વિતરણ દરમિયાન તમામ સભ્યોએ કોરોના ગાઈડલાઈનના નિયમોનું પાલન કરવાનું રહેશે તેવું પણ જણાવાયું છે.

# નિસર્ગ દ્વારા 'રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ-૨૦૨૧' સ્પર્ધાના માર્ગદર્શન માટે ઓનલાઈન શિક્ષક તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩૧
ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તકના નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે 'રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધા'નું આયોજન સમગ્ર દેશમાં કરવામાં આવે છે. ગાંધીનગર જીલ્લામાં આ સ્પર્ધાનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર જીલ્લાની શાળાઓના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધાના માર્ગદર્શન માટે ઓનલાઈન તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તાલીમ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન અને વક્તા તરીકે ડૉ.ભરતભાઈ પાઠક, સ્ટેટ કો-ઓડીનેટર, રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ,ગુજરાત, મનસુખભાઈ નારિયા, નિવૃત આચાર્ય, આઈ.પી.હાઈસ્કુલ, સુરત, ગીતેશભાઈ પટેલ, ડીસ્ટ્રીક એકેડમિક કો-ઓડીનેટર, રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ, નરેશ ઠાકર, ડીસ્ટ્રીક ઈવોલ્યુટર, રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ અને ડૉ.અનીલભાઈ પટેલ, ગાંધીનગર ડીસ્ટ્રીક એકેડમિક કો-ઓડીનેટર, રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ ઉપસ્થિત રહ્યા હતા.

તાલીમની શરૂઆતમાં ડૉ. અનીલભાઈએ શિક્ષકોને રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધા વિષે વિગતવાર માહિતી આપી હતી. તેમજ આ સ્પર્ધામાં કેવા પ્રકારના પ્રોજેકટો રજુ કરી શકાય તેની ચર્ચા કરી હતી. મુખ્ય વક્તા ડૉ.ભરતભાઈ પાઠકે આ વર્ષના મુખ્ય વિષય "નિરંતર ટકાઉ જીવનનિર્વાહ માટે વિજ્ઞાન" તેમજ તેના પાંચ પેટા વિષયો ની વિસ્તૃત સમજુતી




આપી હતી. મુખ્ય વિષય તેમજ પેટા વિષય આધારિત પ્રોજેકટો વિષે શિક્ષકોને માહિતી આપી હતી. તેમજ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પ્રોજેકટોના મૂલ્યાંકનની પદ્ધતિ સમજાવી હતી. મનસુખભાઈ નારિયાએ શિક્ષકોને વિષય પસંદગીથી માંડીને સંસોધાનના હેતુઓ, કાર્યપદ્ધતિ, તારણો અને પ્રોજેકટ કઈ રીતે બનાવી શકાય તેની વિગતવાર માહિતી આપી હતી. ગીતેશભાઈ પટેલે તેમના રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સાથેના ૩૦ વર્ષના સુખદ અનુભવોની ચર્ચા કરી હતી. કન્યાવિનય મંદિર સંસ્કાર તીર્થ, આજોલના આચાર્ય અંજનાબેન પટેલે પણ તેમના અનુભવોની વાત કરી હતી તેમજ ગ્રામ્ય કક્ષાની દીકરીઓ પણ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષા સુધી સફળતા પૂર્વક પોતાનો પ્રોજેક્ટ રજુ કરી શકે છે તેની વાત કરી હતી. સ્વતિક હાઈસ્કુલ મોટેરા ના વિજ્ઞાન શિક્ષક શ્રી વિષ્ણુભાઈ પટેલે શિક્ષકોને રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદમાં ભાગ લેવા અપીલ કરી હતી અને વિદ્યાર્થીઓના હિતમાં પ્રોજેક્ટમાં કઈ રીતે માર્ગદર્શન આપી શકાય તેની વાત કરી હતી. આ કાર્યક્રમમાં ૩૫૪ જેટલા શિક્ષકો જોડાયા હતા.

# ભેંસનું માથું પાણીની ટાંકીમાં ફસાયું...!!



શહેરના સેકટર-૧૯ વિસ્તારમાં એક ભેંસનું માથું પાણી માટેની પીવીસી ટાંકીમાં ખોરાક શોધવાના પ્રયાસમાં ફસાઈ જવા પામ્યું હતું જેને સેવાભાવી યુવાનોના જહેમતભર્યા પ્રયાસો બાદ સલામત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. રાઓલ હરિશચંદ્ર મુકુંદસિંહ, ઉ.વ. ૫૯, સેકટર-૩
- સ્વ. ભરવાડ તખુબેન હમીરભાઈ, ઉ.વ. ૬૧, ગોકુળપુરા, સે-૧૪
- સ્વ. પરમાર દયાબેન ગિરીશભાઈ, ઉ.વ. ૬૬, સેકટર-૨
- સ્વ. ચમાર સુનિલકુમાર કાળાભાઈ, ઉ.વ. ૪૬, કોલવડા, ધનસુરા
- સ્વ. ચૌધરી સુનિતાબેન કનુભાઈ, ઉ.વ. ૪૨, બાપુપુરા, માણસા
- સ્વ. પટેલ વર્ષાબેન ભરતભાઈ, ઉ.વ. ૫૮, રાયસણ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. રાઠોડ તુષાર સેવંતીભાઈ, ઉ.વ. ૨૯, વેજલપુર, અમદાવાદ
- સ્વ. શ્રીમાળી શાંતીલાલ પુનમચંદ, ઉ.વ. ૬૨, સેકટર-૭